
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




તમે ઊંચી ફી લીધી ત્યારે કહ્યું હતું કે છોકરાનો વિકાસ કરીશું... તો આ રહ્યો છોકરો...બતાવો કેટલો વિકાસ થયો...??

# સેક્ટર-૧૧ સ્થિત બેંક ઓફ બરોડામાં ચોર ઘુસી ગયા..!!

### મહિલા સિનિ.મેનેજરનાં ટેબલ પરથી પર્સ ઉઠાવીને ગણતરીની મિનીટમાં ચોર રફ્ફુચક્કર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરનાં સે-૧૧ ખાતે આવેલી બેંક ઓફ બરોડામાં ગઈ કાલે બપોરે રિશેષ સમયમાં ચોર ઘુસી ગયો હતો અને એક મહિલા અધિકારી સિનિ.મેનેજર પોતાની કેબીનમાંથી ગણતરીની મિનીટો માટે ફ્રેશ થવા બહાર ગયા અને પરત કેબીનમાં આવ્યા ત્યા સુધીમાં ચોર તેમની કેબીનમાંથી પર્સ ઉઠાવીને રફ્ફુચક્કર થઈ ગયો હતો. મહિલા અધિકારીની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. સીસીટીવી કેમેરા રજાઓને પગલે પોલીસ જોઈ શકી નથી સોમવારે કેમેરા ચેક કરી ચોર સુધી પહોંચવા પોલીસ કવાયત કરશે.

મળતી માહિતી મુજબ શહેરનાં સે-૧૧ ખાતે આવેલી બેંક ઓફ બરોડામાં સિનિ.મેનેજર તરિકે ફરજ બજાવતા મહિલા અધિકારી જ્યોતીશીખા તરંગભાઈ શાહની કેબીનમાં ઘુસીને ગઈ કાલે બપોરે ચોર તેમનુ પર્સ ચોરી કરી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. બપોરેબે વાગ્યે રિશેષ સમયે મહિલા અધિકારી ગણતરીની મિનીટો માટે પોતાની કેબીનમાંથી ફ્રેશ થવા માટે બહાર નિકળ્યા હતા અને પરત કેબીનમાં આવ્યા ત્યા સુધીમાંકહોર કળા કરી ગયો હતો. ટેબલ પર મુકેલા પર્સમાં રૂ.૧૯ હજારની કિંમતની સોનાની બુટ્ટી, પાન કાર્ડ, આધાર કાર્ડ, ઈલેક્શન કાર્ડ, ડેબીટ અને ક્રેડીટ કાર્ડ સહિતનાં કિંમતિ દસ્તાવેજો હતા. આ પર્સની ઉઠાંતરી કરીને ચોર કેમેરાથી સજ્જ બેંકમાંથી ફરાર થઈ ગયો હતો. આ મામલે મહિલા અધિકારીની ફરિયાદ સે-૭ પોલીસને મળતા પી.એસ.આઈ એસ.ડી.ચૌધરી તથા તેમની ટીમે તપાસ શરુ કરી છે. જો કે રજાઓ આવી જતા બેંકનાં સીસીટીવી ફુટેજ પોલીસ તપાસી શકી નથી. સોમવારે ફુટેજ તપાસીને ચોરને પકડવા પોલીસ ચક્રો ગતિમાન કરશે.



નગરના ગ માર્ગ પર મોટામસ ગાબડાને લીધે ભયજનક સ્થિતિ સર્જાઇ છે. શહેરમાં વરસાદી દિવસોના અંતે ગટર લાઈનમાં ભંગાણ થતા મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. જયારે શહેરના માર્ગો વચાળે પણ ભયજનક ખાડા માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યા છે. નગરના ગ માર્ગ પર સે-૧૨ ની ચોકડી પાસે માર્ગ વચાળે જ મોટુ મસ ગાબડુ જોવા મળી રહયુ છે. ત્વરિત ગાબડુ પુરવા કામગીરી હાથ ધરવામાં નહીં આવે તો જાનલેવા અકસ્માત થવાની દહેશત છે.

## મહુન્દ્રા પ્રાથમિક શાળા ખાતે જ્ઞાનકુંજ પ્રોજેક્ટનો શુભારંભ

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે પ્રાથમિક શાળામાં ૫મી સપ્ટેમ્બર-૨૦૧૭ શિક્ષક દિનની ઉજવણી પ્રસંગે રાજ્યની ૧૬૦૯ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં મહુન્દ્રા પ્રાથમિક શાળામાં ડિજીટલ શિક્ષણક્ષેત્રે નવી પહેલ અન્વયે જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું શુભારંભ કરવામાં આવ્યું. જેમાં મહેમાનપદે જિલ્લા સામાજીક સુરક્ષા અને બાળ લગ્ન પ્રબંધિક અધિકારી સુરેશભાઈ ચૌધરી અને લાયઝન અધિકારી નિલેષભાઈ પટેલ તેમજ ગામના સરપંચ અને એસએમસીના સમિતિના અધ્યક્ષ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પાટનગરમાં વાહનચોરો બેફામ બન્યા..!!

### સિવિલ હોસ્પિટલનાં પાર્કિંગમાંથી દોઢ લાખનું બાઇક ચોરાયુ : સીસીટીવી કેમેરાથી સજ્જ શહેરમાંથી બે દિવસમાં પાંચ બાઇક ચોરાયા

ગાંધીનગર, તા.૯

રાજયનાં પાટનગર ગાંધીનગર શહેરમાં હાલ ૨૩૦ સીસીટીવી કેમેરા સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ લગાડવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરમાં હજુ ૨૯૬ કેમેરા લગાડવાની જાહેરાત સરકારે બે દિવસ પહેલા જ કરી છે. ૫૦૦થી વધુ સીસીટીવી કેમેરા શહેરમાં નંખાશે તે તમામ માત્ર સીટ બેલ્ટ અને હેલ્મેટનાં દંડ કરવા માટે જ ના વપરાય તો સારૂ..!! કેમ કે અત્યારે લાગેલા કેમેરાનો ઉપયોગ તો કાઈક આવો જ હોય તેવુ લાગી રહ્યુ છે. શહેરમાં ઘરફોડ ચોરો બાદ હવે વાહનચોરો બેફામ બન્યા છે. આ ચોરોને પકડવા એકાદ કેમેરો ઉપયોગી બને તો પણ પૈસા વસુલ છે.!! બે દિવસમાં સીસીટીવીકેમેરાથી સજ્જ શહેરમાંથી ચોરાયેલા બાઈકોનાં પાંચ ગુનાઓ તો ઓન રેકર્ડ છે.



મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા અને મેડીકલ કોલેજની હોસ્ટેલમાં રહેતા મુળ તમિલનાડુનાં વિધ્યાર્થીનું દોઢ લાખની કિંમતનું કેટીએમ ડ્યુક બાઈક શહેરની સિવિલ હોસ્પિટલનાં પાર્કિંગમાંથી ગુરુવારે બપોરનાં અરસામાં ચોરી થઈ જવા પામ્યુ હતુ. ટીએન ૭ એફ ૭૪૬૧ નંબરનાં આ બાઈકને ધોળે દિવસે કોઈ ઉઠાવી ગયુ હતુ. આ મામલે સે-૭ પોલીસે ફરિયાદ લઈ તપાસ શરુ કરી છે. તો બીજી તરફ સરગાસણ શ્રી રંગ નેનો સીટી ૧ માં રહેતા રાજેશસિંગ સરદાનસિંગ યાદવનું પ્લેટીના બાઈક પણ ગુરુવારે ઘ-૩ વિટકોસ પાર્કિંગ પાસેથી સવારે ૯ થી ૩ નાં સમયગાળા દરમ્યાન ચોરી થઈ ગયુ હોવાનું જાણવા મળ્યુ છે. બે દિવસ પહેલા સે-૨૩ વિસ્તારમાંથી પણ એક બાઈક ચોરી થઈજવા પામ્યુ હતુ. તે ઉપરાંત ગઈ કાલે ગાંધીનગર એસ.ટી ડેપોમાંથી એક બાઈક ચોરી થઈ ગયુ હતુ. વાહનચોરો હવે પાટનગરમાં બેફામ બન્યા છે અને બિન્દાસ્તપણે ચોરી કરીને જતા રહે છે તેવુ ચોક્કસપણે એટલે કહી શકાય કે જ્યા જ્યાથી વાહન ચોરાયા છે તે સમગ્ર વિસ્તાર કેમેરાથી સજ્જ છે. સિવિલ હોસ્પિટલ, એસ.ટી ડેપો અને વિટકોસ પાર્કિંગનાં વિસ્તારમાં કેમેરાની સતત વોચ હોય છે. તે ઉપરાંત આ વિસ્તારની બહાર બાઈક લઈને નિકળો એટલે તરત મુખ્ય માર્ગો પર પોલીસ જે કેમેરાથી હેલ્મેટ-સીટ બેલ્ટનાં ઈ-મેમો ફાડે છે તે જ કેમેરા લાગેલા છે. તેમ છતા ચોરો વાહન ઉઠાવીને સરકી જવામાં કામિયાબ રહે છે અને પકડાતા પણ નથી.



ગાંધીનગર શહેરની ઓળખ જ માર્ગ પર બનાવેલા સર્કલો છે. દરેક સર્કલને વિવિધ નામ આપવામાં આવ્યા છે ત્યારે શહેરના હરણફાળ વિકાસને પગલે ન્યુ ગાંધીનગર ગણાતા કુડાસણ વિસ્તારના રિલાયન્સ ચાર રસ્તા પર તંત્ર દ્વારા વિશાળ સર્કલ તૈયાર કરાયું છે. ત્યારે સર્કલ અને માર્ગ પર આવન-જાવન કરતા વાહન વ્યવહારને અડચણરૂપ તોતિંગ વડનું વૃક્ષ કાપી નાંખવામાં આવ્યું છે. જેને પગલે પર્યાવરણ પ્રેમીઓ નારાજ થયા છે. કુડાસણની સીમમાં આ વૃક્ષ વર્ષો જુનું હતું પરંતુ શહેરના વિકાસે આ વડના વૃક્ષનો વિનાશ કરી નાંખ્યો છે.

## ડભોડા હનુમાનજી મંદિર ખાતે યુવા ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૯

ડભોડા હનુમાનજી મંદિરના હોલમાં ચિલોડા ડભોડા વિભાગ વ્યાયામ મંડળ દ્વારા યુવા ઉત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે મંદિરના ટ્રસ્ટી રાજુભાઈ ગજ્જર તથા ડભોડા હાઈસ્કૂલના ટ્રસ્ટી હિરાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટક તરીકે હાઈસ્કૂલના આચાર્ય મોદી અને અતિથિવિશેષ તરીકે વ્યાયામ મંડળના મંત્રી દિપકભાઈ શુકલ ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજીના મેળાથી એસટી ડેપોને ૧૪ લાખની આવક

### સતત પાંચ દિવસ સુધી કુલ ૧૯૮ બસો સ્પેશિયલ અંબાજીના મેળા માટે દોડાવાયી

ગાંધીનગર, તા. ૯

ભાદરવી પૂનમે અંબાજી ખાતે ભરાતો વિશ્વનો સૌથી મોટો પદયાત્રી મેળો નિર્વિઘ્ને સંપન્ન થયો છે. વૈશ્વિક ઓળખ ધરાવતા આ મેળા માટે એસટી નિગમ દ્વારા પ્રતિવર્ષ વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગર એસટી ડેપો દ્વારા સતત પાંચ દિવસ



આ મેળા માટે ગાંધીનગર એસટી ડેપો દ્વારા કુલ ૧૯૮ સ્પેશિયલ બસો સતત પાંચ દિવસ સુધી દોડાવવામાં આવી હતી જેને પગલે એસટી નિગમને ૧૪.૧૫ લાખની આવક થવા પામી છે.

દર વર્ષે અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં લાખ્ખો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. મોટે ભાગે આ મેળામાં પદયાત્રીઓ આવે છે જેઓ અંબાજી સુધી ચાલતા તો જાય છે પરંતુ પરત ફરવા માટે એશટી બસનો ઉપયોગ કરે છે. વળી, અનેક શ્રદ્ધાળુઓ જે પદયાત્રા કરી નથી શકતા તેઓ મા જગદંબાના દર્શન કરવા એસટી બસ દ્વારા અંબાજી જાય છે. ગુજરાતના સુધી કુલ ૧૯૮ બસો દોડાવાઈ હતી જેને કારણે એસટી ડેપોને ૧૪.૧૫ લાખની આવક થવા પામી છે. અંબાજીનો મેળો સાત દિવસ સુધી ચાલે છે અને ભાદરવી પૂનમે પૂર્ણ થાય છે. આ વર્ષે આ મેળામાં ૨૭ લાખ જેટલા શ્રદ્ધાળુઓએ મા અંબાના દર્શન કર્યા હતા. આ સંજોગોમાં ગાંધીનગર એસટી ડેપોએ મુસાફરોને સુવિધા પુરી પાડવા સાથે આવક પણ ઉભી કરી છે.

# ડભોડા, પ્રાંતિયા, છાલા, ચંદ્રાલા, ગિયોડ ગામોમાં મા નર્મદા મહોત્સવ યાત્રાનો ઉસ્માભર્યુ સ્વાગત

ચિલોડા, તા. ૯

ગુજરાતની મહત્વાકાંક્ષી અને જીવાદોરી સમાન નર્મદા યોજના નમામિ દેવી નર્મદે મહોત્સવ યાત્રાનો શુભારંભ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે ડભોડા ખાતેથી શુભારંભ કરાવ્યો હતો. આ મહોત્સવ અંતર્ગત નર્મદા યોજના સાકાર થતાં તેની ઉપલબ્ધીઓની તેના લાભાર્થી ગામો અને ખેડૂતો સમક્ષ પહોંચે તેવા શુભહેતુથી મહત્વાકાંક્ષી યોજના સાકાર કરવા કરેલા પ્રયાસો અને યોજનાથી થનારા લાભ, સિંચાઈ, પીવાના પાણીની ઉપલબ્ધી, વીજળી, ઉત્પાદન વગેરે મહત્વ સમજાવવા શુભ સંદેશો જનતાને મળે તેવા હેતુસર ડભોડા, પ્રાંતિયા, છાલા, ચંદ્રાલા અને ગિયોડ ખાતે મા નર્મદા મહોત્સવ યાત્રાનું ગામના અગ્રણી નાગરિકોએ ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંભુજી ઠાકોર, તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, આઈ.બી. વાઘેલા, હિતેન્દ્રભાઈ પટેલ, દિલિપભાઈ પટેલ, નાથુભાઈ ચૌધરી, એસ.પી. ઠાકોર, જિલ્લા તાલુકા સંગઠનના હોદ્દેદારો, અગ્રણી ખેડૂતો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ ખેડુતોના પડતર પ્રશ્ને લડત આપશે

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં નર્મદા યોજના બંધના નામે વર્તમાન રાજય સરકાર પોતાનો જશ ખાટવા જઈ રહી છે. પરંતુ નર્મદા યોજના બંધ ગુજરાતમાં ૬૦ વર્ષ પહેલા આ યોજનાનો પાયો સ્વ. સરદાર પટેલે નાંખ્યો હતો. જેનું કામ પણ જે તે સમયની સરકાર દ્વારા કરાયું હતું. નર્મદા બંધ મેઈન કેનાલ, સબ કેનાલનું કામ અગાઉ પુરુ કરવામાં આવેલ હતું. ખેડુતોના પ્રાણ પ્રશ્નો હજુ સુધી ઉકેલાયા નથી, રાજયના છેવાડાના ખેડુતોને લાભ મળેલ નથી. ખેડુતો વિવિધ સરકારી લાભથી વંચિત છે જયારે નર્મદા કેનાલમાં ડેમના દરવાજા ખોલી પાણી છોડવાની તૈયારી થઈ રહી છે ત્યારે કેટલાક રાજકીય પક્ષ આખી યોજના પોતાની યોજના તરીકે વર્ણવી રહ્યા છે. જયારે તેઓએ માત્ર કેનાલમાં પાણી જ ભરવાનુ કામ કરેલ છે.તેવો આક્ષેપ રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા કરવામાં આવ્યો છે.નર્મદાનું પાણી દરેક જિલ્લા તેમજ તાલુકાના ગામડાઓના ખેડુતોને મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ગુજરાત રાજયના તમામ મધ્યમ ગરીબ ખેડુતો દરેક જિલ્લામાં નર્મદા રથનો વિરોધ પ્રગટ કરશે તેમ રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળના ખેડુતોના મંડળના પ્રમુખ લાલભાઈ પટેલે જણાવ્યું છે. જયારે ઔડાના અમદાવાદ અને કડી કલોલના ખેડુતોની જમીન ઔડાના પ્લાનમાં સમાવિષ્ટ ૬૮ ગામના ખેડુતોએ વિરોધ કરેલ છે.જેને આ સંસ્થા દ્વારા સંપૂર્ણ ટેકો જાહેર કરવામાં આવે છે. જયારે આગામી સમયમાં રાજયના તમામ જિલ્લા અને તાલુકાના ખેડુતોનું એક વિશાળ સંમેલન બોલાવવા માટે વિચારણા ચાલી રહી છે. જયારે આગામી તા.૧૩ અને ૧૪ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે આવનાર છે ત્યારે અસરગ્રસ્ત ખેડુતો પોતાના પ્રશ્નોનો અવાજ રજુ કરવા વિરોધ પ્રગટ કરે તેવી આશંકા સેવાઈ રહી છે.

### ૧.૫ કિ.ગ્રામથી ઓછા વજનવાળા જન્મતા બાળકને સારવાર માટે

# ૭ દિવસ સુધી ૭ હજાર લેખે ૪૯ હજાર રાજ્ય સરકાર ચુકવશે

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કુપોષણ મુક્ત ગુજરાતના નિર્માણ માટે વધુ એક ઠોસ કદમ ઉપાડીને ૧.૫ કિ.ગ્રામથી ઓછા વજનથી જન્મતા બાળકને સારવાર માટે રોજના રૂપિયા સાત હજાર લેખે સાત દિવસ સુધી રૂ. ૪૯ હજારની સહાય આપવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે બાળકની માતાને પણ રહેવાનો અને ભોજનનો ખર્ચ પણ રાજ્ય સરકાર આપશે તેમ જાહેર કર્યું છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, રાજ્યનું એક પણ બાળક કુપોષણથી ન પીડાય તે રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે અને કુપોષણ મુક્ત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે આ મહત્વનો નિર્ણય ખૂબ જ અસરકારક નીવડશે અને છેવાડાના માનવીને મદદરૂપ થશે.

રાજ્યમાં ૧.૫ કિ.ગ્રા કરતા ઓછા વજન સાથે જન્મેલ બાળકોને ખાનગી સંસ્થાના બાળરોગ નિષ્ણાંતના એન.આઈ.સી.યુ.માં દાખલ કરવામાં આવે તો આવા બાળકોને સારવાર તેમજ માતાને રહેવા તેમજ જમવાની વ્યવસ્થા માટે રૂપિયા ૪૯ હજારની સહાય બાળસખા યોજના અંતર્ગત રાજ્યના ૭૯ હાઈ પ્રાયોરીટી તાલુકાના લાભાર્થીઓને સારવાર પેટે ખાનગી નિષ્ણાંતોને મળવા પાત્ર થશે. આ માટે લાભાર્થીની આવક મર્યાદા રાખવામાં આવી નથી.

લાભાર્થીએ એક વખત બાલસખા યોજના-૩ હેઠળ નોંધાયેલ આરોગ્ય સંસ્થામાંથી રજા આપ્યા બાદ ૨૮ દિવસના સમયમાં લાભાર્થીને ફરી દાખલ કરવાની જરર પડે તો અલગ એડમીશન ગણવામાં આવશે. નહીં પરંતુ ૨૮ દિવસ બાદ દાખલ થશે તો નવું એડમીશન ગણાશે. ૧૫૦૦ ગ્રામથી ઓછા ગ્રામના બાળકોને સેપ્સીસ અને બર્થ એકસપેશીયા હોય તો આ યોજના હેઠળ દાખલ કરી શકાશે.

# ગાંધીનગરમાં ટ્રક-ટ્રેલર-ટાયર એક્સપો-૨૦૧૭નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભારતને જગદગુરૂ બનાવવાની પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈની સંકલ્પ બદ્ધતામાં ટ્રાન્સપોર્ટેશન-લોજિસ્ટીક સેકટર અગ્રણી રહી શકે તેમ છે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, બદલાતા વિશ્વ સાથે જ્યારે હવે ટ્રક-ટ્રેલર-ટાયર ક્ષેત્રે નવા નવા આવિસ્કારો થઈ રહ્યા છે. તેનો દેશ-રાજ્યમાં વ્યાપક વિનિયોગ હવે સમયની માંગ બન્યો છે. મુખ્યમંત્રીએ મહાત્મા મંદિરમાં યોજાઈ રહેલા ટ્રક-ટ્રેલર એન્ડ ટાયર એકસપો-૨૦૧૭ તથા ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું કેન્દ્રીય રાજ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને ગુજરાતના વાહન વ્યવહારમંત્રી વલ્લભભાઈ કાકડીયા, સંસદીય સચિવ વાસણભાઈ આહિરની ઉપસ્થિતિમાં ઉદઘાટન કર્યુ હતું. તેમણે પ્રદર્શની પણ રસપૂર્વક નિહાળી હતી.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, પહેલા ટ્રાન્સપોર્ટ સેકટર ઉપર ફોક્સ ન હોવાને કારણે પ્રગતિ-ગતિમાં રૂકાવટો આવી હતી. હવે સમય બદલાયો છે અને કનેકટીવીટી, લોજિસ્ટીકસ, ટ્રાન્સપોર્ટનો દેશ અને રાજ્યના જી.ડી.પી.માં મોટો ફાળો થયો છે.

સમયબદ્ધ-સુરક્ષિત અને સલામત ટ્રાન્સપોર્ટ હવે સમયની માંગ છે તેમ જણાવતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, કેન્દ્રની વર્તમાન નરેન્દ્રભાઈ મોદીની આ સરકાર રસ્તાને ગતિ-પ્રગતિના સંવાહક તરીકે સ્વીકારીને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સાથે એક્સપ્રેસ-વે સીકસલેન-વેના નવતર અભિગમથી કાર્યરત છે.

આવા સમયે ગુજરાતમા યોજાઈ રહેલા આ પ્રદર્શનને તેમણે રાઈટ ટાઈમ ફોર રાઈટ જોબ ગણાવીને આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લાકક્ષાના દિવ્યાંગ ખેલમહાકુંભનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના દિવ્યાંગ ખેલમહાકુંભ ૨૦૧૭નો નાયબ નિવાસી કલેક્ટર, જિલ્લા રમતગમત અધિકારી તથા અંધશાળાના આચાર્યની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાયો છે. આ ખેલ મહાકુંભમાં ૩૫૦ જેટલા દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે.

યુવક સેવા સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના ગાંધીનગર જિલ્લા એકમ તથા જિલ્લા રમતગમત વિભાગ અને એસએબી સંચાલિત અંધશાળા દ્વારા દિવ્યાંગ ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લાના ૩૫૦ જેટલા દિવ્યાંગ બાળકો ભાગ લઈ રહ્યાં છે. આ બાળકો બરછી ફેંક, ઊંચીકૂદ, ગોળાફેંક, લાંબીકૂદ, સાયકલ રેસ, ૧૦૦ મીટર દોડ જેવી વિવિધ રમતોમાં ભાગ લેશે. દિવ્યાંગ બાળકોમાં રહેલી ખેલ પ્રતિભાને વિકસાવવા સરકાર દ્વારા દિવ્યાંગ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે જે એક સરાહનીય પગલુ છે.

# જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય જિલ્લા કક્ષાની ટેકવેન્ડો સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા.૯

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની ખેલમહાકુંભની ટેકવેન્ડો રમત સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૯માં પ્રથમ નંબરે અંજલી બી. ચૌધરી, ચૌધરી સંગીતા એ., ચૌધરી શિવાની ડી., ચૌધરી રીન્કલ જી. અને ચૌધરી રીંકલ એમ. (તૃતીય) આવેલ છે.

સાંઈ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલ એન્ડર-૧૭ ટેકવોન્ડો રમત સ્પર્ધામાં પ્રથમ ઈશિતા, દ્વિતીય ચૌધરી જીજ્ઞા અને તૃતીય ક્રમે ચૌધરી ચંદ્રિકા એ નંબર મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

આ સાથે શાળામાં ચાલતા એન.સી.સી. યુનિટના મોટીવેશન સેમિનારમાં અમદાવાદના કમાન્ડીંગ ઓફિસર રાકેશભાઈ અધિકારી તથા એસ.એમ. સાહેબ, ગુરુદેવ સાહેબે ઉપસ્થિત રહી બાળકોને માહિતી અને માર્ગદર્શન આપ્યા હતા. શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી તથા શાળા પરીવારે દરેક વિદ્યાર્થીની તથા માર્ગદર્શક શિક્ષકો તથા એનસીસીના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## જાહેર હરાજી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા, જી. ગાંધીનગર ખાતે ફળાઉ આંબળાના ઝાડ નંગર ૨૦૦ ઉપરથી ફળ ઉતારવાની જાહેર હરાજી તા. ૧૫/૯/૨૦૧૭ને વાર શુક્રવાર બપોરના ૩-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા વ્યક્તિ - એજન્સીએ વધુ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

ફોન નં. : ૦૭૯-૨૩૯૭૫૨૨૩

નિયામક